## એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ. કૃ. યુ., દ્વારા 'પ્રાકૃતિક કૃષિ' અંગેનો તાલીમ કાર્યક્રમ યોજાયો

માન. રાજ્યપાલશ્રી દ્વારા પ્રાકૃતિક કૃષિને ગુજરાત તથા દેશ લેવલે મોટા પાયે ખેડૂતો અપનાવે તે માટેના સઘન પ્રયત્નો કરવામાં આવે છે. જે અન્વયે માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાનાં માર્ગદર્શન હેઠળ એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા. ૧૭ થી ૨૧ જુલાઈ, ૨૦૨૩ દરમ્યાન પાંચ દિવસીય પ્રાકૃતિક કૃષિ અંતર્ગત ખેડૂતો માટેનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સદર તાલીમમાં રાજ્યનાં કુલ ૩૮ પ્રગતિશીલ ખેડૂતોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. જેમાં ખાસ કરીને ૧૫ મહિલા તાલીમાર્થીઓ પણ સામેલ હતી. આ તાલીમ કાર્યક્રમનો ઉદ્દ્ઘાટન સમારોહ એગ્રોનોમી વિભાગનાં પ્રાધ્યાપક અને વડા, ડૉ. વી. જે. પટેલના હસ્તે કરવામાં આવ્યો. ડૉ. વી. જે. પટેલ દ્વારા તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય તથા પ્રાકૃતિક કૃષિની વ્યાખ્યા અને તેના સિદ્ધાંતો તેમજ પોષણની દ્રષ્ટીએ હલકા ધાન્ય પાકો વિશે વિગતવાર માહિતી આપી હતી. વિશ્વમાં હાલ તૃણ ધાન્ય વર્ષની ઉજવણી કરવામાં આવી રહેલ હોઈ તાલીમાર્થીઓને સદર બાબતે અવગત કરાવવા તેમજ પ્રત્યક્ષ રીતે પાકને ઓળખી શકે તે હેતુસર મીલેટવાટિકાની પણ મુલાકાત કરાવવામાં આવી હતી.

સદર તાલીમ કાર્યક્રમમાં વિવિધ પ્રાકૃતિક ખેતીના આયામ જેવા કે પોષણ વ્યવસ્થામાં જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, પાક સંરક્ષણમાં નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દસપર્ણિ અર્ક તથા આચ્છાદન, મિશ્રપાકોની પસંદગી અને દેશી ગાયનું મહત્વ વગેરે વિષયના નિષ્ણાંતો દ્વારા ખેડૂત સમુદાયને વિસ્તૃતમાં જાણકારી આપવામાં આવેલ. જેથી ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી તરફનો અભિગમ વધે અને રસાયણમુક્ત અનાજ–શાકભાજી-ફળ વગેરે ઉત્પાદન કરી વધુ સારૂ વળતર મેળવી શકે.

તાલીમાર્થીઓને પ્રાકૃતિક કૃષિ વિષે વધુ પ્રેરણાબળ મળી રહે તેવા ઉમદા હેતુથી તેઓને આણંદની આજુબાજુ પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા પ્રગતિશીલ ખેડૂત ઉમેશગીરી ગોસ્વામી, ગીરી ફાર્મ, નરસંડા તથા ગાયત્રીબેન પટેલ, વંશ ડેરી ફાર્મ, અજરપુરા તેમજ એગ્રોનોમી વિભાગ દ્વારા ફાર્મ ઉપર લેવામાં આવેલ પ્રાકૃતિક કૃષિ સંશોધનોના અખતરાઓની પણ રૂબરૂ મુલાકાત કરાવવામાં આવી હતી. સદર મુલાકાત બાદ તાલીમાર્થીઓએ પ્રાકૃતિક કૃષિ કરવા માટે પ્રરિત થયા છે તેવો આત્મવિશ્વાસ બતાવ્યો હતો.

આ તાલીમ કાર્યક્રમના અંતમાં આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય ડૉ. વાય. એમ. શુક્લા અને એગ્રોનોમી વિભાગનાં પ્રાધ્યાપક અને વડા, ડૉ. વી. જે. પટેલના હસ્તે પ્રમાણપત્ર તથા કીટનું વિતરણ કરવામાં આવેલ હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ અને પરિણામલક્ષી બનાવવા માટે તાલીમ સંયોજક ડૉ. પી. એમ. પટેલ, ડો. જી. એન. મોટકા તથા ડૉ. વી. વાય. પટેલ દ્વારા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવામાં આવેલ

# પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમની ઝાંખી
















